**<u>સિધ્ધપુરના મે. એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ,</u>**
**<u>મુ.સિધ્ધપુર, જી.પાટણ.</u>**

**<u>ફોજદારી કેસ નં. ૩૦૫૦/૨૦૨૫</u>**

શ્રી સરકાર ......ફરિયાદી

વિરૂધ્ધ

રાવળ કિશનભાઇ નાગજીભાઇ .......આરોપી

ગુનોઃ- જુગાર ધારાની કલમ-૧૨(અ) મુજબ

**:: <u>ઠરાવ</u> ::**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ જાહેરમાં વરલી મટકાનો આંક ફરકનો જુગાર રમી રમાડતાં પોલીસ રેડ દરમ્યાન આરોપી રોકડ રકમ રૂા.૨૪૦/- તથા જુગાર સાહિત્ય કિ.રૂા.૦૦/૦૦ મળી કુલ કિ.રૂા. ૨૪૦/- ના મુદ્દામાલ સાથે પકડાઇ ગયેલ અને તે રીતે આરોપીએ જુગાર ધારાની કલમ-૧૨(અ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

(૨) આરોપી આ અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપી પોતાનો ગુનો કબુલ છે, તેવી ગુના કબુલાત પુરસીસ રજૂ કરતાં અત્રેની અદાલતે આરોપીને તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી છતાં પણ જો ગુનો કબુલ કરશે તો તેઓને મહત્તમ સજા થઈ શકે તેવી સમજ આપેલ. આ સ્પષ્ટ સમજ આપ્યા બાદ આરોપીની પ્લી નોંધવામાં આવેલ જેમાં પણ આરોપીએ ગુનાની કબૂલાત આપી આ કબૂલાત સ્વેચ્છાપૂર્વક આપેલાની ખાતરી થયા બાદ આરોપીને થનાર સજા અંગે સાંભળ્યા.

(૩) આરોપીએ ગુનાની કબૂલાત સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ આ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યક્ત કરેલ હોય પોતાને અહેસાસ થયાનું જણાવેલ હોય તેમજ ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો કરશે નહી તેવી અદાલતને બાંહેધરી આપી આ પોતાનો પ્રથમ ગુનો હોય યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે. આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય આરોપીને સજા કરવી જોઇએ તેમ અત્રેની અદાલતનું નામ્રપણે માનવું છે. પરંતુ આરોપીની કબૂલાત પુરસીસ વંચાણે લેતાં તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજૂઆતો લક્ષમાં લેતાં આરોપીને જો કાયદાનુસાર સજા કરવામાં આવે તો આરોપી રીઢા ગુનેગારોના સંપર્કમાં આવે તેથી તેમના જીવન પર વિપરીત અસર થાય તેમ છે. જેથી આ કામના આરોપીને હાલના ગુના સબબ સજાની જોગવાઇમાં ન્યુનત્તમ સજા નિયત કરેલ ન હોય, આરોપી સામેના આક્ષેપિત ગુનાને તેમજ રજૂઆતને લક્ષમાં લેતાં ન્યાયના હિતમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

– આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે જુગારધારા ની કલમ–૧૨(અ) નાં ગુના માટે તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો વધુ દિન – ૦૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

– આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ અંગે વેલ્યુએબલ મુદ્દામાલ બાબતે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો વેલ્યુએબલ મુદ્દામાલ અંગે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો કબજે કરવામાં આવેલ રોકડ રકમને અપીલ સમય વિત્યા બાદ સરકારશ્રીમાં ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આ કામે કબ્જે કરવામાં આવેલ નોન – વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ નેશનલ લોક અદાલતની સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભાળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬ **(જયશ્રીબેન શિવાભાઈ સુતરીયા)**
સ્થળ : સિધ્ધપુર. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, સિધ્ધપુર.
કોડ નં.જીજે–૦૦૮૭૭